# <u>પ્રાર્થના (ગુજરાતી)</u>

**ॐ,ॐ, ॐ, ॐ નમ: સિવાય... (x108)**

## <u>મંગલ મંદિર ખોલો</u>

મંગલ મંદિર ખોલો દયામય, મંગલ મંદિર ખોલો.

જીવનવન અતિ વેગે વટાવ્યું,

દ્વાર ઊભો શિશુ ભોળો, દયામય મંગલ મંદિર ખોલો...

તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશ્યો,

શિશુને ઉરમાં લો લો, દયામય મંગલ મંદિર ખોલો...

નામ મધુર તમ રટ્યો નિરંતર,

શિશુ સહ પ્રેમે બોલો, દયામય મંગલ મંદિર ખોલો...

દિવ્ય તૃષાતુર આવ્યો બાળક,

પ્રેમ અમીરસ ઢોળો, દયામય મંગલ મંદિર ખોલો...

# અવ્યો એક પુણ્યાત્મા

**પ્રભુ દ્વાર તમારા ખોલો રે (2) અવ્યો એક પુણ્યાત્મા**

આ દુનિયાની સગાઈ, રહી પ્યારમાં પથરાઈ

એમાં આત્મા ગયો લપટાઇ રે ... અવ્યો એક પુણ્યાત્મા ...

આ ચારેકોરની માયા, તેમા સઘળા ભેદ સમાય

મન માવનાં લોભાયા રે ... અવ્યો એક પુણ્યાત્મા ...

આ કાયા કુંભ છે કાચો, સમજો તો એમાં ન રાચો,

પ્રભુ તુ છે એક જ સાચો રે ... અવ્યો એક પુણ્યાત્મા ...

એણે સતકર્મ કંઈ કીધા, એણે દુઃખ સહન કરી લીધા,

તારા નામના અમૃત પીધા રે .... અવ્યો એક પુણ્યાત્મા ...

લીધી તારા નામની માળા, હવે ભજીએ છેલ છોગાળા

ઓ ગીરધારી ગોપાલા રે .... અવ્યો એક પુણ્યાત્મા ...

તારે હથે છે મૂજ નૈયા, તને પુકારુ તરવૈયા

તમે આવો ને રખવૈયા રે .... અવ્યો એક પુણ્યાત્મા ...

તમે વ્હારે આવો નાથ, મારો પકડી લેજો હાથ.

પછી છોડુ નહીં સંગાથ રે ... અવ્યો એક પુણ્યાત્મા ...

આ અવિચળ ભાનુ ચંદા, એ તારી લીલા ગોવિંદા,

ઓ જશોદાજી ના નંદા રે ... અવ્યો એક પુણ્યાત્મા ...

પ્રભુ એ છે પ્રાર્થના મારી, આત્મા ને લેજો તારી

તમે સુણજો કૃષ્ણ મોરારી રે... અવ્યો એક પુણ્યાત્મા ...

પ્રભુ દ્વાર તમારા ખોલો રે (2) અવ્યો એક પુણ્યાત્મા.

પાનું ફેર વશો

# અબ સૂંપ દિયા સ્તુતિ

અબ સોંપ દિયા ઈસ જીવનકા, સબ ભાર તુમ્હારે હાથોં મેં

હૈ જીત તુમ્હારે હાથોં મેં, ઓર હાર તુમ્હારે હાથો મેં... (2)

મેરા નિશ્ચય બસ એક યહી, એક બાર તુમ્હે પા જાઉં મેં (2)

અર્પણ કર દું દુનિયા ભરકા, સબ પ્યાર તુમ્હારે હાથો મેં (2)

જો જગમેં રહું તો ઐસે રહું, જો જલમેં કમલકા ફૂલ રહે (2)

મેરે સબ ગુણ દોષ સમર્પિત હો, ભગવાન તુમ્હારે હાથો મેં (2)

યદિ મનુષ્યકા મુજે જનમ મિલે તો, તવ ચરણોકા પુજારી બનુ (2)

ઇસ પુજન કી એક એક રાગ્કા, હો તાર તુમ્હારે હાથો મેં (2)

જબ જબ સંસાર કા કૈદી બનુ, નીષકમ ભાવસે કર્મ કરૂં (2)

ફીર અંત સમાય મેં પ્રાણ તજુ, નિરકર(સાકર) તુમ્હારે હાથો મેં (2)

મુજમેં તુઝમેં બસ ભેડ યહી, મૈ નર હૂં તુમ નારાયણ હો (2)

મૈ હું સંસાર કે હાથો મેં, સંસાર તુમ્હારે હાથો મેં (2)

અબ સોંપ દિયા ઈસ જીવનકા, સબ ભાર તુમ્હારે હાથો મેં

હૈ જીત તુમ્હારે હાથોં મેં, ઓર હાર તુમ્હારે હાથો મેં (2)

# અસટ્યો માહેથી

અસટ્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા

ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તુ લઈ જા

મહા મૃત્યુંમાથી, અમૃત સમીપે નાથ લઈ જા

તુ હીણો હું છું તો, તુજ દરસનનાં દાન દઈ જા

# <u>ગીતા વાણી</u>

આ ગીતા કર્મ કહાણી છે, એ કૃષ્ણ પ્રભુની વાણી છે

એ અર્જુન ને સંભળવી છે, કલ્યાણ સદા કરનાની છે.

ઓ અર્જુન સંભળ ધ્યાન ધરી, આ મમતા દુઃખની સેજલડી, એ જનમો જનમ ધરનારી છે, એ કૃષ્ણ પ્રભુની વાણી...

આ માત, પિતા ને નારી છે, એને પ્રિત જગતથી ન્યારી છે, એં અંત સમાયે ફરનારી છે, એ કૃષ્ણ પ્રભુની વાણી...

આ જગતમાં કોઈનું કોઈ નથી, કોઈની સાથે કોઈ મારતું નથી, એં તનમન ની બિમારી છે, એ કૃષ્ણ પ્રભુની વાણી...

સુખ દેતું માનવી જ્યારે મરે, એની પચ્છડ સર્વે રૂદન કરે, એં સર્વે જીવોની કહાણી છે, એ કૃષ્ણ પ્રભુની વાણી...

આ જીવ જગતમાં જનમ ધરે, દુઃખી માનવીનાં કલ્યાણ કરે, એં અંત સમયની કહાણી છે... એ કૃષ્ણ પ્રભુની વાણી...

તું સર્વ જગતને છોડી-દે, એક મારામાં ચિત જોડી દે, એ રીત સદા કલ્યાણી છે... એ કૃષ્ણ પ્રભુની વાણી...

મન વાણી, કર્મનો નીએમ કરે, સુખ દુઃખમાં ના ઉદવેગ ધરે, એ તનમન પાવન કારી છે... એ કૃષ્ણ પ્રભુની વાણી...

જે જન આ ગીતા પાટ કરે, તે ભાવસાગર ની પાર તરે, ગીતા શરણે શાંતિ સમાણી છે... એ કૃષ્ણ પ્રભુની વાણી...

કહે ઇન્દુ_અંતર્યામી પ્રભુ, તારુ વરસાવી દે વહાલ વિભુ, તારા ચરણે ચીત જોડણી છે... એ કૃષ્ણ પ્રભુની વાણી...

# ગીતા જ્ઞાન

**બોલ્યા બોલ્યા શ્રી ભગવાન (૨) અર્જુન સાંભળો રે.**

**તમને કહું છું ગીતા જ્ઞાન (૨) અર્જુન સાંભળો રે.**

**આત્મા મરતો નથી, અમર છે (૨) એવું સમજે તે જ્ઞાની છે, તે સંખ્યાયોગ કહેવાય, અર્જુન સાંભળો રે... બોલ્યા...**

**સત્ કર્મ ધર્મ કહેવાય (૨) આચરતા ચિત શુદ્દિ થાય, તે કર્મયોગ કહેવાય, અર્જુન સાંભળો રે... બોલ્યા...**

**સત્ કર્મ સદા આચરીયે (૨) ફળ હરિને અર્પણ કરીયે, તે બ્રહ્મપણ કહેવાય, અર્જુન સાંભળો રે... બોલ્યા...**

**જેમ કમળપત્ર પાણીમાં (૨) તેમ રહે છે જે દુનિયામાં, તે સન્યાશી કહેવાય, અર્જુન સાંભળો રે... બોલ્યા...**

**પોતે પોતાના ગુરુ બાનીયે (૨) નારાયણનું ધ્યાન ધરીયે, તે સંયમી કહેવાય, અર્જુન સાંભળો રે... બોલ્યા...**

**વાસુદેવ સર્વ વ્યાપક છે (૨) હજારોમાં કોક જાણે છે, તે વિજ્ઞાની કહેવાય, અર્જુન સાંભળો રે... બોલ્યા...**

આખા વિશ્વતણો શય થાય (૨) મારુ નામ અક્ષય કહેવાય, અક્ષરધામ તે કહેવાય, અર્જુન સાંભળો રે... બોલ્યા...

સરજું પાળું ને સંહારું (૨) માટે ભજન કરો તમે મારુ, તે રાજયોગ કહેવાય, અર્જુન સાંભળો રે... બોલ્યા...

હું અનંતરૂપે વસનારો (૨) જગને ધારણ કરનારો, આ છે વિભૂતિયોગ મારો, અર્જુન સાંભળો રે... બોલ્યા...

અંતરર્નીં આંખ ખોલો (૨) મને સાધળે હવે તમે જોઈલો, તે વિશ્વરૂપ કહેવાય, અર્જુન સાંભળો રે... બોલ્યા...

અનન્યા ચિંતન મારુ કરસે (૨) તે મૃત્યુ સાગર તરસે, એવું ભકિતયોગ સમજાવે, અર્જુન સાંભળો રે... બોલ્યા...

દેહ પ્રકૃતિ કહેવાય (૨) જીવ મારો અંશે કહેવાય, શેત્રશેત્રશ કહેવાય, અર્જુન સાંભળો રે... બોલ્યા...

જ્યારે ભેદભાવના જાયે (૨) ત્યારે સમાનતા આવે, તે ત્રિગુણાતીત કહેવાય, અર્જુન સાંભળો રે... બોલ્યા...

જગવૃક્ષા તણું જે મૂળ છે (૨) જુદ ચેતનાથી ઉત્તમ છે, તે પર્સોત્તમ કહેવાય, અર્જુન સાંભળો રે... બોલ્યા...

સદબુદિ દેવ કહેવાય (૨) કુબુદિ અસુર કહેવાય, તે દેવસુર કહેવાય, અર્જુન સાંભળો રે... બોલ્યા...

જેવું અન તેવુ મન (૨) તેવી શ્રદ્ધા જેવું મન, તે શ્રદ્ધાવાન કહેવાય, અર્જુન સાંભળો રે... બોલ્યા...

સઘળા ધમો છોડી દો ને (૨) મારા શારણે આવો ને, મુકત સન્યાસી થઈને, અર્જુન સાંભળો રે... બોલ્યા...

ગીતામૃત પાન જે કરસે, તેને જીવનમુક્તિ મળશે, તેનો થાસે જય જય કર સૌ જાન સાંભળો રે... બોલ્યા...

## અંજલિ ગીત

હે નાથ જોડી હથ પાયે પ્રેમથી સહું મંગીએ શરણું મળે સચુ તમરૂં એ રદયથી માંગીએ જે જીવ આવ્યા આપ પાસે ચરણમાં અપનાવજો, પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો.

વળી કર્મના યોગે કરી જે કુળમાં એ અવતરે, ત્યાં પૂર્ણ પ્રેમે ઓ પ્રભુજી આપની ભકિત કરે. લક્ષ ચોર્યાસી બંધનોને લક્ષમાં લઈ કપજો, પરમાત્મા એ આત્માને શાંતિ સચિ આપજો.

સુસમપતિ સુવિચાર ને સત્કાર્મનો દઈ વારસો, જન્મોજનમ સત્સંગથી કિરતાર પાર ઉતરજો. આ લોકને પરલોકમાં તમ પ્રેમ રગરગ વ્યાપજો, પરમાત્મા એ આત્માને શાંતિ સચિ આપજો.

મળે મોક્ષ કે સુખ સ્વર્ગના આશ ઉરે સેવી નથી, ધો દેહ દુર્લભ માનવીનો ભજન કરવા ભવથી સચું બાતવી રૂપ શ્રી રણછોડ હૃદયએ સ્થાપજો, પરમાત્મા એ આત્માને શાંતિ સચિ આપજો.

માનવ તન આ છોડીને તે, આપ દ્વારે આવ્યો, કર્મના ઢગ હો ભલે પ્રભુ પૂણયથી ઉગારજો, અપરધા માફ કરી સહુ, વિનંતી સ્વીકારજો, પરમાત્મા તે આત્માને શાંતિ સાચી આપજો.

હે નાથ જોડી હથ પાયે પ્રેમથી સહુ મંગીએ શરણું મળે સચુ તમરું એ રદયથી માંગીએ.

# <u>શાંતિ પાઠ</u>

**ૐ ધો શાંન્તિ, એતરીક્ષ શાંન્તિ, પૃથિવી શાંન્તિ, આપ શાંન્તિ, ઔષધય શાંન્તિ, વનસ્પતય શાંન્તિ, વિશ્વેદેવા શાંતિ,**
**બ્રાહ્મ શાંન્તિ, શાંન્તિ રેવા, શાંન્તિ ક્ષમા શાંન્તિ.**

**ૐ શાંન્તિ શાંન્તિ શાંન્તિ...**

